# ઘ માર્ગ પર બે માર્ગ અકસ્માતમાં ૬ ઘાયલ



ગાંધીનગર, તા.૨૬

ગાંધીનગર શહેરના મુખ્ય માર્ગ પૈકી ઘ-માર્ગ પર આજે બપોરના સમયે ઘ સાડા ચાર નાગરિક બેંક આગળ રીક્ષા અને એસ્ટીમકાર વચ્ચે તથા ઘ-૭ પ્રેસ સર્કલ નજીક બે રીક્ષા સામ-સામે અથડાતા બંને અકસ્માતમાં કુલ ૬ વ્યકિતઓને નાની મોટી ઈજાઓ થવા પામી હતી. સેકટર-૭ અને સેકટર-૨૧ પોલીસે અલગ અલગ અકસ્માતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ શહેરના ઘ માર્ગ પર ઘ સાડા ચાર નાગરિક બેંકની આગળ આજે બપોરના સમયે એસેન્ટ કાર નં. જીજે-૨ એપી ૯૯૨૯ અને રીક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં રીક્ષામાં સવાર શિતલ ધીરુભાઈ પટ્ટણી ઉ.વ.૨૨ તથા મંજુબેન ધીરુભાઈ પટ્ટણી ઉ.વ.૪૫ને ઈજાઓ પહોંચી હતી. બાદમાં બંનેને ૧૦૮ મારફતે તાત્કાલિક સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. હાલ આ મામલે સે-૨૧ના જમાદાર જયદિપસિંહ અને જીજી પઠાણ તપાસ ચલાવી રહ્યા છે.

મુખ્ય ઘ માર્ગ પર ઘટેલ અન્ય એક ઘટનામાં ઘ-૭ પ્રેસ સર્કલ પાસે રીક્ષા નં. જીજે-૧૮ એપી ૨૩૧૮ તથા રીક્ષા નં. જીજે૧૮ એયુ૯૦૬૯ બંને વચ્ચે અકસ્માત સર્જાતા બળદેવજી છનાજી રાઠોડ, બબુજી ભલાજી રાઠોડ અને સજ્જનબેન ભલાજી રાઠોડ (તમામ રહે રાઠોડવાસ દહેગામ)ને ઈજાઓ પહોંચી હતી. જયારે અન્ય રીક્ષા ચાલકના ચાલક ચિરેન પટેલ (નવા વાડજ અમદાવાદ)ને હાથે ફેકચર થવા પામ્યું હતું. આ મામલે વર્વાભાઈ કરશનભાઈ, અશોકભાઈ તથા જીજી પઠાણ તપાસ ચલાવી રહ્યા છે.

## જલારામ સેવા સમાજ દ્વારા વીરપુરનો પ્રવાસ યોજાશે

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના શ્રી જલારામ સેવા સમાજના જીતેન્દ્રકુમાર સેજાણીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે, તા. ૩૦મી નવેમ્બર-૨૦૧૨ને શુક્રવારે જલારામધામ, વીરપુરના ધાર્મિક પ્રવાસનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જોડાવા માંગતા ભક્તોએ પોતાનું નામ, સરનામુ, ફોન નંબર વગેરે જલારામ મંદિર, સેક્ટર-૨૯, ગાંધીનગર ખાતે મેનેજરને નોંધાવી દેવું.

જલારામ ધામ, વીરપુરના મંદિરના દર્શનાર્થે જવા માંગતા ધાર્મિકજનોએ જલારામ મંદિરના મેનેજરને પોતાના નામ, સરનામાની વિગતો સાથે ફી રૂ. ૪૫૦ જમા કરાવવાના રહેશે. તા. ૩૦મીએ બપોરે ૧૨ કલાકે જલારામ ધામ, સે. ૨૯માંથી એક લકઝરી બસ વીરપુર પૂજ્ય જલારામ બાપાના મંદિરે જવા રવાના થશે અને તા. ૧લી ડિસેમ્બર-૨૦૧૨ને શનિવારે રાત્રે પરત ફરશે. વહેલા તે પહેલાનાં ધોરણે પ્રવાસીઓને લેવાના હોવાથી પ્રવાસવાંચ્છુક ઉમેદવારોએ સવેળા જલારામ મંદિરના મેનેજરનો સંપર્ક કરવો.

## કુડાસણ ગામે વરઘોડા કાઢવા બાબતે ઈસમ પર હુમલો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર નજીક કુડાસણ ગામે આજે બપોના સમયે બે પટેલ પરિવાર વચ્ચે વરઘોડો કાઢવા બાબતે તકરાર થતા એક પરિવારે અન્ય પરિવાર પર લોખંડની પાઈપ વડે હુમલો કરી એક ઈસમને ઘાયલ કર્યો હતો જે સંદર્ભે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગાંધીનગર નજીક કુડાસણ ગામે આવેલ કાનમ રેસીડેન્સી જી-૧૦૧માં રહેતા વિષ્ણુભાઈ પ્રભુદાસ પટેલ ઉ.વ. ૪૧ અને ગામના જ અન્ય એક પટેલ પરિવારના બે વ્યક્તિઓ વચ્ચે ગામમાંથી વરઘોડો કાઢવા બાબતે બોલાચાલી થઈ હતી જે બોલાચાલીએ ઉગ્ર રૂપ ધારણ કરતા મામલો બિચક્યો હતો જેમાં સામે પક્ષેથી બે યુવાનોએ લોખંડની પાઈપ વડે વિષ્ણુભાઈ પટેલ પર હૂમલો કર્યો હતો અને માથા તથા હાથના ભાગે ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જે બાદ તેમણે ૧૦૮ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ સંદર્ભે સેક્ટર-૭ પોલીસે હુમલાખોર બે ઈસમ વિરૂદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

## આરોગ્ય અને પરીવાર કલ્યાણની ક્રિકેટ ટીમ ક્વાટર ફાઈનલમાં પહોંચી

ગાંધીનગર, તા. ૨૬

સચિવાલય કલ્યાણ શાખા દ્વારા ઈન્ટર ડિપાર્ટમેન્ટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં આદિજાતિ વિકાસ વિભાગ અને આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગ વચ્ચે ક્રિકેટ મેચ તાજેતરમાં રમાઈ હતી. જેમાં આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગે આદિજાતિ વિકાસ વિભાગની ટીમને ૫૮ રનમાં આઉટ કરી ૭ વિકેટે જવલંત વિજય મેળવ્યો હતો. મેચમાં ૬ ઓવરમાં ૨૩ રન અને ૪ વિકેટ લેનાર દીપક પરમારને મેન ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો હતો.

આદિજાતિ વિકાસ વિભાગે ટોસ જીતીને પ્રથમ દાવ લેતાં તેમની ટીમ ૫૮ રનમાં ૧૫ ઓવરમાં ઓલઆઉટ થઈ ગઈ હતી. તેમાં એલ.બી. સોલંકીએ ૧૪ રન તથા આર.એસ. પટણીએ ૧૦ રન કર્યા હતા. આરોગ્ય વિભાગ તરફથી દિપક પરમારે ૨૩ રનમાં ૪ વિકેટ લીધી હતી. અજય પટેલે પાંચ રનમાં બે વિકેટ લીધી હતી. આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગે બીજા દાવમાં ત્રણ વિકેટ ગુમાવી ૬૨ રન કરી વિજય બની હતી. તેમાં મૌલિક પટેલે ૨૦ રન તથા દિનેશ ચૌધરી ૧૩ રન કર્યા હતા. આદિજાતિ વિકાસ વિભાગની ટીમ તરફથી અશોક પરમારે ૧૧ રન આપી ૨ વિકેટ લીધી હતી. આમ, આરોગ્ય પરિવાર કલ્યાણ વિભાગનો ૭ વિકેટે જવલંત વિજય થયો હતો અને દિપક પરમાર મેન ઓફ ધ મેચ જાહેર થયા હતા.

## ગાંધીનગરમાં સરકારી જમીન પર દબાણોનો રાફડો

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં ચૂંટણીની આચાર સંહિતાના હેઠળ દબાણોનો રાફડો ફુટી નીકળ્યો છે. જેમાં દબાણ હટાવનારા હપ્તા દઈને દબાણનો પરવાનો આપતા હોય છે.

સેકટર-૧૪માં શિવશક્તિ હાઉસિંગ સોસાયટીમાં કોમન પ્લોટો પર વાડા કરીને દબાણ કરેલ. આવા દબાણોના કારણે સુંદર વિકસીત વિસ્તાર ગંદો બની ગયો છે. દબાણ કરીનો વાડાઓમાં નકામી વસ્તુઓ ભરીને બેડોળ વસાહત બનાવી દીધેલ છે. સરકારી જમીન પર ખાનગી વસાહતીઓ દબાણ કરીને મ્યુનિસિપાલીટી તથા સરકારી તંત્ર શરમ અનુભવતું નથી. ગાંધીનગર મનપાને શહેરને સ્વચ્છ બનાવવામાં સહેજ પણ રસ નથી. કોમન પ્લોટોના દબાણો કોની શેહશરમથી ઊભા થાય છે. તે સમજાતું નથી?

## કૃભકોના ડાયરેક્ટર પરેશ પટેલ જાપાનના પ્રવાસે

ગાંધીનગર, તા. ૨૬

સમગ્ર દેશમાં એક જ પલાન્ટમાં યુરિયા ઉત્પાદન કરનાર કૃભક ભારતી કો. ઓપરેટીવ લિમીટેડ 'કૃભકો' ના ડાયરેકટર પરેશભાઈ પટેલની ઈન્ટરનેશનલ કો. ઓ. એલાયન્સ એશિયા અને પેસિફિકની દશમી રિજીયોનલ એસેમ્બલીમાં ભાગ લેવા પસંદગી થયેલ છે. તેઓ આઈ.સી.એ.એ.પી. રિજીયોનલ એસેમ્બલીમાં ભાગ લેવા તા. ૨૪ થી ૩૦ નવેમ્બર સુધી જાપાનનો પ્રવાસ કરનાર છે.

જેમાં ૨૫ દેશો ભાગ લેશે, પરેશભાઈ પટેલ ચીન, યુ.કે., થાઈલેન્ડ, હોંગકોંગ અનો ગલ્ફના દેશોમાં ભારતનું પ્રતિનિધિત્વ કરી ચુકયા છે. સહકારી સંસ્થાઓનાં વિકાસ માટે આંતર રાષ્ટ્રીય માધ્યમમાં મોટો ફાળો આપેલ છે.

## પોલીસ લોક દરબારમાં સેક્ટર- ૧ થી ૮ના પ્રબુદ્ધ નાગરિકો જોડાયા

### પી.આઈ.એ ઘર માલિકોને બંધ ઘરની જાણ પોલીસ સ્ટેશને કરવા જણાવ્યું

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગર શહેરના સેક્ટર-૭-ડી શહેરીજન સંસ્થાના સહયોગથી તાજેતરમાં પોલીસ લોક દરબાર લોક સંપર્ક કાર્યક્રમ યોજાયો હતો. સેક્ટર-૧ થી ૮ અને સેક્ટર-૧૨ના પ્રબુધ્ધ નાગરિકો, સંસ્થાના વડાની ઉપસ્થિતિમાં યોજાયેલા લોક સંપર્ક કાર્યક્રમમાં પોલીસ ઈન્સ્પેક્ટર એસ.એસ. ગઢવીએ ચોરીનું પ્રમાણ ઘટાડવા, ઘરફોડી અટકાવવા તથા ચેનસ્નેચીંગથી બચવા માટેના ઉપાયો અને રસ્તા બનાવ્યા હતા.

પોલીસ લોક દરબાર - લોક સંપર્ક કાર્યક્રમ અંતર્ગત પી.આઈ. ગઢવીએ સિનીયર સીટીઝનને કોઈપણ મુશ્કેલી હોય, કોઈ સતાવતું હોય કે કોઈ વ્યક્તિ તેમનું 'બ્લેક મેઈલીંગ' કરતું હોય તો તેઓની જાણકારી પી.આઈ. ગઢવીના મો. નં. ૯૮૨૫૭૫૩૨૧૮ ઉપર આપવા જણાવ્યું હતું. જે ફોન ૨૪ કલાક ચાલુ રહે છે. વધુમાં તેમણે કહ્યું હતું કે, ઘર માલિકે જાગૃતિ રાખવા, અજાણ્યા લોકોની તેમજ ઘરઘાટીના સરનામા, ફોન નંબર પણ રાખવા અનુરોધ કર્યો હતો. સેક્ટર-૧ થી ૮માં વધુ ચોરીઓ થાય છે તેનું કારણ જણાવતા કહ્યું કે, ઘર બંધની માહિતી પોલીસ સ્ટેશનને આપવામાં આવતી નથી. સમગ્ર લોક સંપર્ક કાર્યક્રમમાં સેક્ટર-૭-ડીના અગ્રણી જયંતભાઈ ભટ્ટ, કે.એસ. પંડ્યા, એસ.એમ. શાહ, કે.ઓ. વ્યાસ, સી.આર. મોદી, રણજીતભાઈ દેસાઈ, કાન્તીભાઈ પટેલ તેમજ મહિલાઓમાં ભાનુબેન ભટ્ટ, સુધાબેન ઠાકર, કોકીલાબેન પટેલ, સુધાબેન જોષી, લીલાબેન રાજવીર ખાસ હાજર રહ્યા હતા. શહેર જાગૃત પરિષદના પ્રમુખ લવજીભાઈ વાડીયા, પેન્શનર સમાજના પ્રમુખ એસ.ડી.આર. મલિક, સલાહકાર કે.બી. વ્યાસ, સૂર્યકાંત બારોટ, ડાહ્યાભાઈ પ્રજાપતિ, નિરંજન ઓઝા, રાજેન્દ્ર પારેખ, સુરેશભાઈ પટેલ, રમેશભાઈ દવે તેમજ નવા સેક્ટરોના શહેરીજનો બહોળી સંખ્યામાં હાજર રહ્યા હતા. સભાના અંતે પ્રમુખ જયંતભાઈ ભટ્ટે પોલીસ મિત્રોને પૂરતો સહકાર આપવાની ખાતરી સાથે આભારવિધિ કરી હતી.

## જાપાનના રાજદૂતશ્રીની ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સાથે શુભેચ્છા મુલાકાત

ગાંધીનગર, તા.૨૬

ગુજરાતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીની આજે ગાંધીનગરમાં જાપાનના ભારત સ્થિત રાજદૂત શ્રીયુત ટાકેશી યોગીએ સૌજન્ય મુલાકાત લઈને જાપાન અને ભારત તથા ગુજરાત વચ્ચેના પારસ્પરિક સંબંધો વધુ વિસ્તૃત ફલક ઉપર સુદ્દઢ બને અને જાપાન તથા ગુજરાતના ઔદ્યોગિક તેમજ આર્થિક અને સામાજિક વિકાસના ક્ષેત્રોની ભાગીદારીનો સેતુ મજબૂત બને તે માટે વિગતવાર પરામર્શ કર્યો હતો.

આગામી જાન્યુઆરી ૨૦૧૩માં જાપાનથી ઉચ્ચ કક્ષાનું પ્રતિનિધિ મંડળ વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ ઈન્વેસ્ટર્સ સમિટમાં ભાગ લેવા આવશે તેમ જણાવી શ્રીયુત ટાકેશી યાગીએ ગુજરાતમાં આગામી ફેબ્રુઆરી માર્ચમાં અર્બન ટ્રાફિક (શહેરી પરિવહન) અને લેન્ડ એન્ડ ઈન્ફ્રાસ્ટ્રકચર (જમીન અને માળખાકીય સુવિધા) વિષયક બે સેમિનારો જાપાન અને ગુજરાત સરકારના સહયોગથી યોજવાના આયોજનથી રૂપરેખા મુખ્યમંત્રીશ્રીને આપી હતી. જાપાને ભારત સરકાર સાથે જે ૧૯ પ્રોજેકટ હાથ ધરવા સહભાગીતાના કરાર કરેલા છે તેમાંના સાત ગુજરાતમાં સ્થપાશે. દહેજ અને સાણંદમાં જાપાન 'સ્માર્ટ સિટી'ના પ્રોજેકટ હાથ ધરશે. દહેજમાં દરિયાઈ ખારાશવાળા પાણીના મીઠા પાણીમાં રૂપાંતરના ડી-સેલીનેશન ઓફ વોટર પ્લાન્ટના મહત્વાકાંક્ષી પ્રોજેકટની પ્રગતિ તેમજ હાઈ-સ્પીડ રેઈલ-પ્રોજેકટ ધોલેરામાં સ્થાપવાના પ્રોજેકટ અંગે ગુજરાત સરકાર જાપાનને સંપૂર્ણ સહયોગ આપશે એમ મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું.

ગુજરાતમાં સરદાર સરોવરની નર્મદા કેનાલના રૂફ ટોપ સોલાર પાવર પેનલના પાઈલોટ પ્રોજેકટની સફળતાને પગલે જાપાન નર્મદા કેનાલ રૂફ ટોપ સોલાર પેનલના નિર્માણમાં સહભાગી બનવા તત્પર છે એમ જાપાનના એમ્બેસેડર શ્રીયુત ટાકેશી યાગીએ જણાવ્યું હતું.

મુખ્યમંત્રીશ્રીની તાજેતરની જાપાન મુલાકાતની સફળ ફલશ્રુતિના પગલે જાપાનની કંપનીઓ ગુજરાતમાં મૂડી રોકાણ, ઉદ્યોગ વાણિજય અને સાંસ્કૃતિક ક્ષેત્રોમાં ખૂબ જ વિસ્તૃત ફલક ઉપર સંબંધો વિકસાવી રહી છે તે અંગે સંતોષ વ્યકત કરતા મુખ્યમંત્રીશ્રી અને જાપાનના રાજદૂતશ્રીએ દિલ્હી-મુંબઈ ઈન્ડસ્ટ્રીઅલ કોરિડોર (ડીએમઆઈસી) પ્રોજેકટ અંગે ભારત સરકાર, ગુજરાત સરકાર અને જાપાન દ્વારા સહભાગીદારીની વિશાળ સંભાવનાઓ અંગે પણ પરામર્શ કર્યો હતો. ગુજરાત આવેલા શ્રીયુત ટાકેશીએ અમદાવાદ જનમાર્ગ-બીઆરટીએસ અને સાબરમતી રિવરફ્રંટના વિકાસ પ્રોજેકટનું નિરીક્ષણ કરી તેની પ્રસંશા કરી હતી.

મુખ્યમંત્રીશ્રી અને જાપાન રાજદૂત સાથેની આ સૌજન્ય મુલાકાત દરમિયાન ઉદ્યોગ અગ્ર સચિવશ્રી માહેશ્વર શાહુ, સામાન્ય વહીવટના અગ્ર સચિવશ્રી કે. શ્રીનિવાસ, મુખ્યમંત્રીશ્રીના સચિવશ્રી અરવિંદ શર્મા અને ગુજરાત સરકારના દિલ્હીના અગ્રનિવાસી કમિશનર શ્રી ભરતલાલ ઉપસ્થિત હતા. જાપાન રાજદૂતાવાસના ઉચ્ચ અધિકારીઓએ પણ બેઠકમાં ભાગ લીધો હતો.

## શહેર વસાહત મહામંડળ દ્વારા ઘરફોડ ચોરીઓ નાથવા રજૂઆત

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરમાં તહેવારો અને રજાઓ દરમિયાન મોટા પ્રમાણમાં ચોરીઓ ના થાય તે માટે સાવચેતીના પગલાં લેવા માટે શમશેરસિંહ રેંજ આઈ.જી. તથા જિલ્લા પોલીસ વડા સિંઘલ તથા ડી.વાય.એસ.પી. જાડેજા અને શ્રીમતી કોમલ વ્યાસની હાજરીમાં શહેર વસાહત મહામંડળ દ્વારા દરેક સેકટરોમાં બેઠકોનું આયોજન થયેલ હતું.

આ બેઠકોનું આયોજન મહામંડળ દ્વારા અરૂણભાઈ બુચ તથા સુધીરભાઈ દેસાઈ, લતાબેન ચોકસી, કિશોર જીકાદરા, સીતારામ પટેલ, મહેન્દ્ર શ્રીમાળી, ભરત દિક્ષીત, અને રજુજી ગોલ રસ લઈ આયોજન કરેલ હતું. પરિણામ રૂપે ઘરફોડ ચોરી ઓછી થઈ હતી. લોકોની માલમિલકતનું રક્ષણ થઈ શક્યું હતું.

## સેક્ટરોમાં સલામત સવારી નસીબ ન થતાં નગરજનોમાં આક્રોશ

### વહેલી સવારે બસ મેળવવાનું મુશ્કેલ : એકસ્ટ્રા બસ ડેપોથી મુકાય છે

ગાંધીનગર, તા. ૨૬

શહેરમાં નિયમિત અને પર્યાપ્ત બસ સેવાના અભાવે સેક્ટરવાસીઓનો આક્રોશ ચરમસીમાએ પહોંચ્યો છે. એસ.ટી. ડેપોમાંથી અમદાવાદ-ગાંધીનગર વચ્ચે દોડતી બસોના રૂટ યોગ્ય રીતે ન ગોઠવાતા સેક્ટરના મુસાફરોએ સલામત સવારી માટે કલાકો સુધી વલખા મારવા પડતા હોવાની બુમરાણ મચી છે.

છેલ્લા કેટલાંક સમયથી ગાંધીનગર અમદાવાદની બસ સેવા કથળતા રોજ-બરોજ અપડાઉન કરતાઓએ નિયમિત અને સમયસર બસ મેળવવા વલખા મારવા પડે છે. આ મામલે સેક્ટર-૧૯ના રહીશ ભુપેન્દ્ર સુર્યકાંતભાઈ પટેલે વાહન વ્યવહાર વિભાગના નિયામકને રજુઆતમાં જણાવ્યા અનુસાર લાંબા સમયના અંતે પણ એસ.ટી.ની સલામત સવારી હજુ સેક્ટરવાસીઓને નશીબ થતી નથી. એસ.ટી.ના ડ્રાયવર કંડકટરો પણ મનસ્વી રીતે રૂટ નક્કી કરી બસ દોડાવતા હોવાનો રોષ તેમણે વ્યક્ત કર્યો છે. આ મામલે ડેપોના કંટ્રોલર પણ સુપરવિઝન કરતા નથી. લાલ દરવાજા તરફ જતી બસ અગાઉ વાયા સેક્ટર થઈને જતી હતી. તેના બદલે હવે ચ-૫ થી સીધી લાલ દરવાજા રૂટ પર દોડે છે. વહેલી સવારે સેક્ટરના રૂટ પર આવતી બસ પણ અનિશ્ચિત થઈ ગઈ છે. સવારે પાંચથી પાંચ ત્રીસના અરસામાં કોઈપણ બસ સેક્ટરમાં આવતી નથી. આવા સંજોગોમાં એક્સ્ટ્રા બસો પણ ડેપોથી મુકાતા સેક્ટરવાસીઓને બસ સુવિધા ઉપલબ્ધ થતી નથી. સેકટરોના રહીશોને યોગ્ય સમયે અને નિયમિત બસ સેવા ઉપલબ્ધ થાય તેમ જરૂરી આયોજન કરી ડેપો કક્ષાએથી યોગ્ય સુપરવિઝન પણ થવું જોઈએ તેમ પણ તેમણે રજુઆતમાં જણાવ્યું છે.

## વિધાનસભાના તૈલચિત્રોને પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગુજરાત વિધાનસભાના અધ્યક્ષશ્રીએ ગુજરાત વિધાનસભામાં મહાનુભાવોને પુષ્પાંજલિ અર્પવાનું નક્કી કરેલ છે. ગણેશ વાસુદેવ માવળંકર ૧૨૫માં જન્મ દિવસ નિમિત્તે તા. ૨૭મી નવેમ્બર.

પૂજ્ય ઠક્કરબાપાના ૧૪૪માં જન્મદિવસ નિમિત્તે તા. ૨૯મી નવેમ્બર, ડૉ. રાજેન્દ્ર પ્રસાદના ૧૨૯માં જન્મદિવસ નિમિત્તે તા. ૩જી ડિસેમ્બરના રોજ અગિયાર વાગે તૈલચિત્રને પુષ્પાંજલિ અર્પવામાં આવશે, તો નગરનાં મહાનુભાવોને પુષ્પાંજલિ અર્પવા ઉપસ્થિત રહેવા જણાવેલ છે.

## સંસ્કૃતિ કુંજની ઝાડીઓમાં યુવાને ગળાફાંસો ખાતા ચકચાર

ગાંધીનગર, તા. ૨૬

ગાંધીનગરના જ માર્ગને અડીને આવેલ સાંસ્કૃતિક કુંજની સુમસામ ઝાડીઓમાં આજે બપોરે ગળે ફાંસો ખાધેલા મજુર જેવા યુવાનનો લટકતો મૃતદેહ ગ્રામજનોને નજરે પડતા ભારે ચકચાર મચી જવા પામી હતી. જે સંદર્ભે સેક્ટર-૭ પોલીસે ગુનો નોંધી તેની ઓળખવિધિ હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી મળેલી માહિતી મુજબ ગાંધીનગરના જ-માર્ગને અડીને આવેલ સાંસ્કૃતિક કુંજની સૂમસામ ઝાડીઓ આજે બપોરે લાકડા કાપવા આવેલ મહિલાને એક મજુર જેવા લાગતા યુવાનનો ગળે ફાંસો ખાંધેલા લટકતો મૃતદેહ નજરે પડતા મહિલાએ બુમાબુમ મચાવી હતી. આથી અન્ય મહિલાઓ અને આસપાસના લોકો સ્થળ પર એકઠા થઈ ગયા હતા. જે બાદમાં સેક્ટર-૭ પોલીસને આ મામલાની જાણ કરી હતી. પોલીસે તાબડતોડ ઘટનાસ્થળે આવી તપાસ હાથ ધરી હતી. જેમાં આ યુવાનની ઉ. આશરે ૨૮ થી ૩૦ વર્ષ શરીરે પાતળા બાંધાનો તથા શરીરે બ્લેક પેન્ટ અને ક્રિમ કલરનો શર્ટ પહેરેલ છે. તેમજ નાયલોનની દોરીથી ગત મોડી રાત્રે ગળે ફાંસો ખાધો હોવાનું પોલીસની પ્રાથમિક તપાસમાં બહાર આવ્યુ ંછે. પોલીસે હાલ આ મામલે અજાણ્યા યુવકના આત્મહત્યા સંદર્ભે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો. સેક્ટર-૭ પોલીસના પી.એસ.આઈ. ગડરીયા હાલ તપાસ ચલાવી રહ્યા છે.

## આજે ગાંધીનગરમાં

### આજનો દિવસ

સૂર્યોદય : ૬.૪૧
સૂર્યાસ્ત : ૫.૫૯

### તાપમાન

મહત્તમ : ૩૨.૫ ડિ.સે.
લઘુત્તમ : ૧૩.૦ ડિ.સે.

### ભેજનું પ્રમાણ

સવારે ૬૩ ટકા ● સાંજે ૩૨ ટકા

### મનોરંજન

**સિટી પલ્સ**

: સ્કીન-૧ :
સન ઓફ સરદાર : ૧૦.૦૦, ૧૨.૪૫, ૩.૪૫, ૬.૪૫, ૧૦.૦૦

: સ્કીન-૨ :
જબ તક હૈ જાન : ૧૨.૦૦, ૩.૩૦, ૯.૩૦
લાઈફ ઑફ પાઈ (અંગ્રજી) : ૭.૦૦

: સ્કીન-૩ :
જબ તક હૈ જાન : ૧૦.૦૦, ૬.૩૦
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૧.૧૫, ૪.૦૦ ૧૦.૧૫

: સ્કીન-૪ :
સન ઑફ સરદાર : ૧૧.૩૦, ૫.૩૦
જબ તક હૈ જાન : ૨.૧૫, ૮.૩૦

**સિને મેક્સ**

: સ્કીન-૧ :
લાઈફ ઑફ પાઈ (હિન્દી) : ૯.૪૫, ૫.૪૫, ૧૦.૩૦
થુપાક્કી : ૧૨.૧૫
ટ્વાલાઈટ : ૩.૩૦, ૮.૧૫

: સ્કીન-૨ :
જબ તક હૈ જાન : ૧૧.૦૦, ૫.૩૦
સન ઑફ સરદાર : ૨.૩૦, ૯.૦૦

: સ્કીન-૩ :
સન ઑફ સરદાર : ૯.૩૦, ૩.૪૫, ૧૦.૧૫
જબ તક હૈ જાન : ૧૨.૧૫, ૬.૩૦

: સ્કીન-૪ :
જબ તક હૈ જાન : ૯.૦૦, ૩.૧૫, ૯.૩૦
સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૬.૪૫

**સૂર્યા, વાવોલ**

સન ઑફ સરદાર : ૧૨.૪૫, ૩.૪૫, ૯.૪૫
પ્રિત શાયબા ન ભુલાય: ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

**મૂવી પ્લેક્સ, કલોલ**

: સ્કીન-૧ :
સન ઑફ સરદાર : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૧૫

: સ્કીન-૨ :
જબ તક હૈ જાન : ૧૦.૩૦, ૨.૦૦, ૬.૦૦, ૧૦.૦૦

: સ્કીન-૩ :
ઑપરેશન મુંબઈ : ૧૦.૩૦, ૧૨.૪૫, ૭.૩૦, ૧૦.૧૫
સન ઑફ સરદાર : ૨.૩૦, ૫.૦૦

**ચિરાગ, કલોલ**

સન ઑફ સરદાર : ૧૨.૩૦, ૩.૩૦, ૬.૩૦, ૯.૩૦

### આપની આજ

**મેષ** : આર્થિક પ્રકરણોમાં વિશેષ અનુસંધાન વગેરેનો યોગ. મનોનુકૂળ કાર્ય થવાનો યોગ બની રહ્યો છે. આર્થિક ક્ષેત્રમાં વિવાદિત કાર્યોનો હલ કરવા માટે યાત્રા-પ્રવાસ થઈ શકે છે.

**વૃષભ** : શારીરિક સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું. વિવાદોથી બચવું. આમોદ-પ્રમોદ વિલાસિતામાં સમય પસાર થશે. અમુકૂલ પરિણામ માટે સક્રિયતા અને નિશ્ચિંતતા આવશ્યક છે.

**મિથુન** : કચેરીના, વિવાદ, દૈનિક વ્યાપાર વગેરેની સમસ્યાઓમાં ભાગ્યવર્ધક લાભ પ્રાપ્તિનો યોગ. વિશિષ્ટ ભાગ્યવર્ધક ધાર્મિક કાર્યોના આયોજનો થઈ શકશે.

**કર્ક** : કૌટુંબીજનોના સાથ સહકાર- પ્રેમથી મન પ્રસન્નતા પ્રાપ્ત થશે. મિત્રોનાં સહયોગથી કાર્યમાં સફળતા મળવાની સંભાવના વધે છે.

**સિંહ** : પ્રયત્નોમાં સફળતા મળશે. આપે ધારેલા કાર્યો પૂર્ણ થઈ શકશે. શારીરિક સુખ પ્રાપ્તિનો યોગ. સામાજિક અને રાજકીય ક્ષેત્રમાં પદ- પ્રતિષ્ઠામાં વૃદ્ધિ થવાનો યોગ બની રહ્યો છે.

**કન્યા** : તમારી વ્યવહાર કુશળતાથી વ્યાપારમાં લાભ થશે. આજે નવા સંબંધો બંધાઈ શકે છે. સત્સંગ થઈ શકે છે. ઉપરી અધિકારીઓ દ્વારા આપના પર કાર્યભાર વધી શકે છે. માનસિક શાંતિ જાળવી રાખવી.

**તુલા** : અટવાયેલા કાર્યોમાં આપના કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિણામ પ્રાપ્ત થઈ શકે છે. જ્ઞાન શોધના કાર્યોમાં આપનું મન પરોવાશે. ધ્યાન, ગહન શોધ, જ્ઞાન, ગુપ્ત જ્ઞાન સંબંધી કાર્યોમાં તમે જોડાઈ શકો છો.

**વૃશ્ચિક** : સામાજિક અને ધાર્મિક કાર્યોથી તમને યશ અને સન્માન પ્રાપ્ત થઈ શકશે. વ્યાપારમાં પ્રગતિ જણાય. આરોગ્ય પ્રત્યે બેદરકારી ન રાખવી. માનસિક શાંતિ જાળવી રાખવી. યાત્રા થઈ શકે છે. ગુસ્સા અને આવેશ પર સંયમ રાખવો.

**ધન** : શુભ ફળ મળશે. રાજકીય કાર્યોથી દૂર રહેવું. આપ પોતાની બુદ્ધિના ઉપયોગથી કાર્યમાં વિકાસ સાધી શકશો. હિતશત્રુઓ દ્વારા હાનિ થવાની સંભાવના રહેલ છે.

**મકર** : વિદ્યાર્થીઓએ શિક્ષા પર પર્યાપ્ત ધ્યાન આપવું પડશે. દેવાની ચિંતા ઓછી થશે. કર્મકાંડ આધ્યાત્મ સંબંધી કાર્યોમાં મન લાગશે. રોજગારીક્ષેત્રમાં નવા રસ્તાઓ તમને મળી શકે છે.

**કુંભ** : આપને નાણાંકીય મુશ્કેલીઓનો સામનો કરવો પડી શકે છે. વ્યાપાર- વ્યવસાય મધ્યમ રહેશે. ઉચ્ચસ્તરીયે આપને પ્રતિષ્ઠા અને માન- સમ્માન પ્રાપ્ત થઈ શકે છે.

**મીન** : મહત્વકાંક્ષા અનુસાર કાર્ય પૂરા થવાનો યોગ છે. ધાર્મિક કાર્યોમાં તરફ પ્રેરાશો. શૈક્ષણિક ક્ષેત્રમાં આવનારી સમસ્યાઓને સંયમપૂર્વક ઉકેલવી હિતાવહ રહેશે.

### ચિરવિદાય

- સ્વ. લક્ષ્મી અંબાલાલ ત્રિવેદી(ઉ.વ.૭૨)૭, લક્ષ્મી ગુજરાત હાઉસિંગ બોર્ડ, સેકટર-૨૧, ગાંધીનગર.
- સ્વ. શાંતાબેન સુરેન્દ્રભાઈ ચૌહાણ(ઉ.વ.૫૯)પ્લોટ નં. ૫૫૧/૧, સેકટર-૧૩/એ, ગાંધીનગર.
- સ્વ. ગગુબા ઈશ્વરસિંહ વાઘેલા(ઉ.વ.૬૫)૫૪૧/૨, કોલવડાનગર સોસાયટી, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. સવિતાબેન વિક્રમસિંહ ચાવડા(ઉ.વ. ૬૨) આદિવાડા ગામ, ચાવડાવાસ, સેકટર-૨૮, ગાંધીનગર.
- સ્વ. રવિન્દ્રભાઈ મગનભાઈ જાદવ(ઉ.વ. ૪૭)બ્લોક નં. ૧૪૩/૩, 'જ'ટાઈપ, સેકટર-૧૨, ગાંધીનગર.
- સ્વ. મૂળજીભાી કરશનભાઈ સોની(ઉ.વ.૭૮)બી-૮, ૨૮૪, સાધના એટીપીએલ, સીંધર સીટી-૨, ત્રિમંદિર, અડાલજ, તા.,જિ. ગાંધીનગર.